# હલેબીડ

આ તીર્થક્ષેત્ર શ્રવણબેલગોલાથી ૯૦ કિ.મી. અને વેણૂરથી માત્ર ૧૫ કિ.મી. દૂર આવેલ છે. એક કાળમાં અહીં ૭૨૦ જિનમંદિરો હતા તેમ કહેવાય છે. જુઓ-વિચારો કે તે વખતે હલેબીડની અને જૈન ધર્મની કેટલી જાહોજલાલી હશે ? એક ગામમાં ૭૨૦ જિનમંદિરો એટલે શું ? આ મંદિરોનો લીંગાયતોએ નાશ કર્યો હતો, જેના ભગ્નાવશેષ આજે પણ જૈન ધર્મના ગૌરવનું સ્મરણ કરાવે છે. હોયસલ નરેશ વિષ્ણુવર્ધનની રાજધાની હલેબીડમાં હતી. તેનો રાજ્યકાળ સન ૧૧૧૧ થી ૧૪૪૧ ઈ.સ. હતો. રાજા પહેલા જૈન હતા. ત્યારબાદ ઈસ. ૧૧૧૭માં રામાનુજના પ્રભાવથી તેઓ વૈષ્ણવ થયા હતા. તેની સ્મૃતિરૂપે તેમણે વેણૂરમાં એક ખૂબ મોટું વૈષ્ણવનું મંદિર નામે “કેશવમંદિર” કરાવ્યું હતું. કોઈ કહે છે કે તેમણે અમુક જૈન મંદિરોનો નાશ કરાવ્યો હતો. પણ આ વાત સાચી મનાતી નથી. કેમ કે તેઓ ભલે વૈષ્ણવ થયા હતા. પરંતુ, તેમના રાણી તો ચુસ્ત જૈન જ રહ્યા હતા. તેઓ જૈન મંદિરોમાં દાન પણ આપતા હતા. તેથી મંદિરોનો વિષ્ણુવર્ધન રાજાએ નાશ કરાવ્યો હતો તેવી વાતમાં કાંઈ જ તથ્ય લાગતુ નથી.

“સ્થળ પુરાણ”માં વર્ણન એમ છે કે વિષ્ણુવર્ધને વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યા પછી જૈનોને ત્રાસ આપ્યો હતો અને જૈન મંદિરોને નુકશાન પહોંચાડયું હતું. તેથી ત્યાર પછીથી હલેબીડમાં અનેકવાર ધરતીકંપ થયો હતો. તેમજ કુદરતી આપત્તિઓથી રાજા હેરાન-પરેશાન થઈ જવાથી તેમણે શાંતિયજ્ઞ કરાવ્યો હતો, જે વ્યર્થ ગયો હતો. છેવટે વિષ્ણુવર્ધને ખૂબ જ વિનયપૂર્વક ક્ષમા માગી અને ત્યારથી જૈન ધર્મનો વિરોધ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી અને પૂવર્વત્ જૈન મંદિરોમાં દાન દેવાનું શરૂ કર્યુ. ત્યારબાદ શાંતિ વિધાન કરતા રાજ્યમાં શાંતિ થઈ હતી.

મંદિર નં. ૧ : હલેબીડમાં ઈ.સ. ૧૧૩૩માં બોપ્પાએ તેના પિતા ગંગરાજની સ્મૃતિમાં ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરનું નિર્માણ કર્યું, જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૪ ફીટ ઊંચી કાળા પાષાણની મનોજ્ઞ પ્રતિમા છે. મૂર્તિની બંને બાજુ ધરણેન્દ્ર અને પદ્માવતીની મૂર્તિઓ છે. આ મંદિરમાં કિંમતી કસોટી પથ્થરના ચૌદ થાંભલા છે. આગળના બે સ્થંભો ઉપર પાણી નાખવાથી તે કાળા રંગમાંથી હરા વર્ણના થઈ જાય છે. મંદિર બહારથી સાદુ લાગે છે. પણ મંદિરની કારીગરી દર્શનીય છે. કહેવાય છે કે જે દિવસે આ મંદિરની પ્રતિષ્ઠા થઈ તે જ દિવસે તેને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતી. તેથી તેના હર્ષોલ્લાસમાં વિષ્ણુવર્ધને ખૂબ દાન દીધું હતું અને શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને તેણે તેના પુત્રનું નામ “વિજય પાર્શ્વનાથ” રાખ્યું હતું.

મંદિર નં. ૨ : આ સિવાય અહીં બીજા બે મંદિરો પણ છે. એક મંદિરમાં તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિ છે. આ મંદિર સન્ ૧૧૩૮માં હેગડે મલ્લિમાયાએ કરાવ્યું

હતું. બીજુ મંદિર સન્ ૧૨૦૪માં થયું હતુ. તેમાં ૧૨ ફીટ ઉચા શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસને છે. અહીં પણ ઘણા શિલાલેખો છે. મૂર્તિને અભિષેક કરવા માટે બંને બાજુ સીડી કરાવેલ છે. મંદિરની સામે માનસ્થંભજી છે કે જેના ઉપર ગોમટેશ્વર (બાહુબલીજી) ની મૂર્તિ છે. સામાન્ય રીતે બીજે ક્યાંય ગોમટેશ્વરની મૂર્તિ માનસ્થંભજી ઉપર જોવા મળતી નથી.

હલેબીડમાં હોયસલેશ્વર નામનું એક મંદિર પણ જોવાલાયક છે, જેમાં ઘણી જ કારીગરી છે. ઈતિહાસ કહે છે કે આ મંદિર બનાવવામાં ૮૬ વર્ષ થયા હતા. છતાંય અધુરુ રહી ગયું હતું. જેનું શિખર આજ સુધી પુરુ થયું નથી. (હવે હમણાં છેલ્લા વર્ષોમાં પુરૂ થયું હોય તો આ લખનારને ખબર નથી. તેમણે તેની યાત્રા કરી તે વખતની સ્થિતિ લખી છે.) મંદિરની બહારની દિવાલો ઉપર હાથી, સિંહ, અનેક પ્રકારના પક્ષીઓ અને દેવ-દેવીના દશ્યો છે. તે સિવાય ૭૦૦ ફીટની લંબાઈમાં રામાયણનું દશ્ય બતાવ્યું છે. આજે હલેબીડમાં જૈનોની વસ્તી નથી. તેમજ સડકની એક બાજુ તરફ આવેલું હોવાથી ત્યાં ઓછા યાત્રિકો જાય છે.

મંદિર નં. ૩ : આ મંદિરમાં ૧૪ ફીટના શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસને છે. આગળ ચોકમાં પથ્થરના નક્શીવાળા ૩૦ થાંભલા છે. આ મંદિર ઘણું મોટું છે. એક જ કમ્પાઉન્ડમાં ત્રણેય મંદિરો આવેલા છે. ત્રણેય મંદિરોમાં ભગવાન અંદર ઊંડે-ઊંડે જ છે. તેથી બેટરી સાથે હોય તો જ ભગવાનના દર્શન થાય તેમ છે.

તે સિવાય હલેબીડમાં નાના મ્યુઝિયમ જેવું છે. તેમાં દરેક ધર્મની ખંડિત મૂર્તિઓ રાખેલી છે. આ મ્યુઝિયમ સરકારે સંભાળેલું છે. અહીં શ્રી બાહુબલીજીની મોટી મૂર્તિ હાથ તોડેલી પડી છે. આ જ કમ્પાઉન્ડમાં વૈષ્ણવનું પ્રાચીન મંદિર છે. અંદર-બહાર ઘણું જ બારીક નકશીકામ કરેલ છે. તેમજ રામાયણ, ભાગવત્ તેમજ મહાભારતના ઐતિહાસિક દશ્યો કોતરેલા છે. શંકરનું લિંગ છે. તેની સામે કાળા આરસનો મોટો નંદી છે. તેમજ કસોટીના કિંમતી પથ્થરના મોટા-મોટા નક્શીવાળા થાંભલા છે. હલેબીડ નાનુ ગામ છે. અહીં દાળીયા, બિસ્કીટ, ચા, શ્રી ફળ, કેળા, વિગેરે મળે છે.

અહીં દક્ષિણમાં કોઈ મંદિરોમાં ભંડાર રાખતા નથી. મંદિરમાં યાત્રિકો દર્શન કરવા જાય, ત્યારે પૂજારી ઘીના દીવાની નાની આરતી આપે છે અને આરતીમાં યાત્રિકો જે પૈસા મૂકે તે પૂજારી રાખે છે. કોઈએ એમ કહ્યું કે કોઈ મંદિરમાં દાનભંડાર હોય તો તે ભંડારની રકમ સરકાર વ્યવસ્થાખર્ચના બહાને લઈ જાય છે. આ પ્રાચીન મંદિરોની રક્ષા માટે-સાચવવા માટે સરકારને ખર્ચ થાય છે તે માટે સરકાર ભંડારની રકમ લઈ જાય છે તેમ કહ્યું.

અરે જીવ ! એકવાર બીજું બધું ભૂલી જા અને તારી નિજ ચૈતન્યશક્તિને સંભાળ !.....
ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ અને થશે પણ નહિ.